# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૪/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ઈમોશન ક્રિએટ કરતો ફોટો જ ફોટોગ્રાફરની કળા પ્રસ્તુત કરે છે

## ચેમ્બર દ્વારા 'દૃષ્ટિકોણ – આર્ટ ઓફ સીઈંગ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'દૃષ્ટિકોણ – આર્ટ ઓફ સીઈંગ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઇન્ટરનેશનલ એવોર્ડ વિજેતા ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઇ અને ઉદ્યોગપતિ તેમજ ફોટોગ્રાફર શ્રી ચિત્તરંજન દેસાઇએ ફોટોગ્રાફીના પેશનને કઇ રીતે પ્રોફેશનમાં કન્વર્ટ કરી શકાય તેમજ વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી માટે ધ્યાનમાં રાખવામાં આવતી સુક્ષ્મ બાબતો અંગે વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં લોકોની ઘણી બધી હોબી બહાર આવી રહી છે. લોકો મ્યુઝીક સાંભળી રહયા છે, કોઇ પુસ્તક લખવાનુ કે વાંચવાની હોબી પુરી કરી રહયાં છે ત્યારે ફોટોગ્રાફી પણ ઘણા લોકોની હોબી છે અને આજનો વેબીનાર ફોટોગ્રાફી ઉપર યોજાયો છે.

શ્રી ચિત્તરંજન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ટ્રાવેલ હોબી હતી એટલે બધા મિત્રો સાથે મળીને જુદી–જુદી જગ્યાએ જઇને ફોટોગ્રાફી કરતા હતા. ફોટોગ્રાફીની શરૂઆત સુવાલી બીચ પરથી કરી હતી. બધા ફોટોગ્રાફર મિત્રો ડીસીએલઆર કેમેરો લઇને પહોંચી જતા હતા અને જુદા–જુદા એન્ગલથી ફોટા પાડતા હતા. સુરતથી શરૂ થયેલી ફોટોગ્રાફીની શરૂઆત બાદમાં અમને દેશના વિવિધ રાજ્યો તેમજ વિદેશો સુધી ખેંચી ગઇ હતી. તેમણે જણાવ્યુ હતુ કે ફોટો માટે ઇમોશનલ પોર્શન, એન્વાયરમેન્ટ અને લાઇટ ખૂબ જ જરૂરી છે.

તેમણે દેશ – વિદેશના વિવિધ શહેરો, હેરીટેજ વિસ્તાર, માઉન્ટેન, સનશાઇન અને સનરાઇઝ, ઝાડ, એનીમલના સુંદર ફોટાઓ પ્રદર્શિત કર્યા હતા. જેમાં ઇટલીનો તસ્કની પ્રદેશ, ડોલોમાઇસ માઉન્ટેન, નેપાળના એવરેટસ્ટ બેઇઝૂડ કેમ્પનો સનરાઇઝ, યુએસના નેશનલ પાર્ક, યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઇડ, મુંબઇ, દુબઇ, લદ્દાખ, નમીબીયામાં હાથીના ઝૂંડ અને મહુડાના ઝાડો અને મેનમેઇડ ફાયર સાથેનો ડાંગના સુંદર ફોટાઓનો સમાવેશ થાય છે. તેમણે કહયુ હતુ કે, ડાંગમાં પ્રદુષણ નહીવત હોવાથી મિલ્કીવેના ફોટા એકદમ સાફ લઇ શકાય છે. અત્યારે બધું જ ડિજીટલ થઇ ગયું છે ત્યારે ફોટોગ્રાફી પણ ડિજીટલાઇઝેશન તરફ વધી રહી છે.

શ્રી સૌરભ દેસાઇએ જણાવ્યુ હતુ કે, હોબી માટે ફોગોગ્રાફી કરતા હોય ત્યાં સુધી બરાબર છે પણ જે લોકોને કમર્શિયલ ફોટોગ્રાફર બનવુ છે તેઓએ કમર્શિયલ ફોટોગ્રાફી શીખવી જોઇએ. વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી માટે જંગલ અને એનીમલની લાઇફસ્ટાઇલ તેમજ લોકેશનોનો ઉંડાણપૂર્વક અભ્યાસ હોવો જોઇએ. ફોટોગ્રાફીમાં ડિસીપ્લીન પણ મહત્વનું હોય છે. આથી પહેલા ફોટોગ્રાફી પોતાના માટે કરો અને જાતે એન્જોય કરતા થાઓ.

તેમણે એનીમલ ફોટોગ્રાફીમાં ઇન્ડીયન લેપર્ડ, ચિતા, આફ્રિકન એલીફન્ટ, ટાઇગર, ગુજરાતમાં ગીરના સિંહો, ટાન્ઝાનીયાના સિંહોના ફોટા તેમજ બર્ડ ફોટોગ્રાફી વિશે માહિતી આપી હતી. તેમણે ડ્રોન કેમેરાથી સ્નો લેપર્ડના લેવાયેલા ફોટા પણ બતાવ્યા હતા. ફોટોગ્રાફીમાં કલોઝઅપ રિતિરિવાજ છે પણ હટકે ફોટોગ્રાફી માટે આવું કશું હોતુ નથી તેમ કહીને તેમણે સેન્સર કેમેરાથી ફોટા શુટ કરવાની સલાહ આપી હતી.

વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફીની અંધશ્રદ્ધા વિશે તેમણે પોતાના મંતવ્યો રજૂ કરતા કહયુ હતુ કે, કેટલાક લોકો ઓરીજીનલ ફોટાને બ્લેક એન્ડ વ્હાઇટ અને બ્લર કરે છે. આવા ફોટાને મોનોક્રોમ કરવાથી તેને ક્રિએટીવિટીના ફ્રેમમાં નહી મુકી શકાય. એના માટે ફોટોગ્રાફીમાં ઝંપલાવતા યુવાઓને અનલર્નીંગની સ્કીલ શીખવી પડશે. પહેલા નાનપણમાં ટીચરની બીક અને હવે સોશિયલ મિડિયા ઉપર ઓછા લાઇક મળે એની બીક ફોટોગ્રાફરને સતાવે છે. તમારા ફોટાની ઇમેજ જયારે ઇન્ફોર્મેશન આપે ત્યારે એ ઇમેજ છે પણ જયારે એ ઇમોશન ડિલીવર કરે ત્યારે તે વિશેષ અને સૌથી હટકે બને છે. તમારા ફોટા સ્ટોરી અને ઇમોશન ક્રિએટ કરતા હોય ત્યારે જ એ તમારામાં રહેલી કળાને પ્રસ્તુત કરે છે.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.